सत्यमेव जयते

ગુજરાત સરકાર

## સામાન્ય વહીવટ વિભાગ

# ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭

**(૩૦મી જુન, ૧૯૯૫ સુધી સંવર્ધિત)**


***સામાન્ય વહીવટ વિભાગ,***
***કર્મચારીગણ પ્રભ : -ગ-શાખા,***
***સરદાર ભવન, સચિવાલય,***
***ગાંધીનગર.***


Download From : www.Aapnu-Gujarat.in

# સામાન્ય વહીવટી વિભાગ

## જાહેરનામું

સચિવાલય, અમદાવાદ, ૧૦મી ઓકટોબર, ૧૯૬૭.

નંબર જીએસ-૪૧-સીઆરઆર-૧૧૬૭-જી-ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલ સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી નીચેના નિયમો કરે છે.

ભાગ-૧

૧. **ટૂંકી સંજ્ઞા, શરૂઆત અને લાગુ પાડવા બાબત :-**

(૧) આ નિયમોને ગુજરાત મુલકી સેવા, વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ કહેવા.

(૨) તે તરત જ અમલમાં આવશે.

(૩) સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ મુજબ કરેલ નિયમો અનુસાર ભરવામાં આવતી હોય તેવી સેવા અને જગાને પેટા-નિયમ (૪) ને આધીન રહીને આ નિયમ લાગુ પડશે.

(૪) આ નિયમોમાંનો કોઈપણ મજકૂર, પોલીસ દળના નિમ્ન કક્ષાના હોદ્દા ધરાવતા સભ્યોને લાગુ પડશે નહિ.

**સ્પષ્ટીકરણ :-** પેટા નિયમ (૪)ના હેતુ સારૂ, નિમ્ન કક્ષાના 'હોદ્દા'નો અર્થ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧માં તેનો અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

૨. **વ્યાખ્યા :-** આ નિયમોમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો-

(અ) 'કમિશન' એટલે ગુજરાત રાજ્ય સેવા કમિશન.

(આ) 'ઉતરતા દરજ્જાની સેવા' એટલે નિયમ-૪ના પેટા-નિયમ (૩)માં નિર્દિષ્ટ કરી હોય તેવી સેવા અને જગા.

(ઇ) 'જગા' એટલે જેનો રાજ્ય સેવા અને નિમ્ન કક્ષાની સેવામાં સમાવેશ થતો હોય તેવી રાજ્ય સરકાર હેઠળની કોઈ જગા.

(ઈ) 'અનુસૂચિત જાતિઓ' એટલે ભારતના સંવિધાનના અનુચ્છેદ-૩૪૧ મુજબ ગુજરાત રાજ્યના સંબંધમાં અનુસૂચિત જાતિઓ તરીકે ગણાતી હોય તેવી જ્ઞાતિઓ, જાતિઓ અથવા જનજાતિઓ અથવા એવી જ્ઞાતિઓ,જાતિઓ કે જનજાતિઓની અંદરના ભાગો અથવા જુથો.



Download From : www.Aapnu-Gujarat.in

(ઉ) 'અનુસૂચિત જનજાતિઓ'"એટલે ભારતના સંવિધાનના અનુચ્છેદ-૩૪૨ મુજબ ગુજરાત રાજ્યના સંબંધમાં અનુસૂચિત જનજાતિઓ તરીકે ગણાતી હોય તેવી જનજાતિઓ અથવા જનજાતિ કોમો અથવા એવી જનજાતિઓ કે જનજાતિ કોમોની અંદરના ભાગો અથવા જૂથો.

(ઊ) 'સેવા' એટલે રાજ્ય સેવા અથવા નિમ્ન કક્ષાની સેવાનો સમાવેશ થતો હોય તેવી રાજ્ય સરકાર હેઠળની કોઈપણ સેવા.

*(ઊ-ક) 'સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ' એટલે એવી જ્ઞાતિઓ, વર્ગો અને જૂથો કે જેને રાજ્ય સરકારે મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૧લી એપ્રિલ, ૧૯૭૮ના સરકારી ઠરાવ ક્રમાંક : બીસીઆર-૧૦૭૮-૧૩૭૩૪/હ અન્વયે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે ગણેલ છે.

(એ) 'રાજ્ય સરકાર' એટલે કે ગુજરાત સરકાર.

(ઐ) 'રાજ્ય સેવા' એટલે નિયમ-૪ના પેટા-નિયમ (૧)માં નિર્દિષ્ટ કરી હોય તેવી સેવા અને જગા.

(ઓ) 'નિમ્ન કક્ષાની સેવા' એટલે નિયમ-૪ના પેટા-નિયમ (૨)માં નિર્દિષ્ટ કરી હોય તેવી સેવા અને જગા.

(ઔ) આ નિયમોમાં વાપરવામાં આવ્યા હોય પણ વ્યાખ્યા કરવામાં આવી ન હોય તેવા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, ગુજરાત રાજ્ય હેઠળની સેવા અને જગાને લાગુ પડતા હોય તેટલે સુધી મુંબઈ મુલકી સેવા નિયમો, ૧૯૫૯માં તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

## ભાગ-૨

## સેવા અને જગાનું વર્ગીકરણ

૩. **સેવા અને જગાનું વર્ગીકરણ :** (૧) ગુજરાત રાજ્યની મુલકી સેવાનું રાજ્ય સરકારના હુકમો મુજબ નીચે પ્રમાણે વર્ગીકરણ કરવામાં આવશે.

(અ) વર્ગ - ૧,

(આ) વર્ગ - ૨,

(ઇ) વર્ગ ૩ અને

(ઈ) વર્ગ - ૪

* સામાન્ય વહીવટ વિભાગના તા. ૬-૧૨-૮૫ના જાહેરનામાં ક્રમાંક : જીએસ-૮૫-૬૩-સીઆરઆર-૧૧૮૫-૫૯૮-ગ ૨ થી ઉમેરવામાં આવ્યું.

Download From : www.Aapnu-Gujarat.in

(૨) સેવામાં એક કરતાં વધારે ગ્રેડનો સમાવેશ થતો હોય તો, જુદા જુદા ગ્રેડો, જુદા જુદા વર્ગોમાં સમાવિષ્ટ કરી શકાશે.

(૩) આ નિયમો લાગુ પડતા ન હોય તે સિવાયની રાજ્ય સરકાર હેઠળની મુલકી જગાઓનું રાજ્ય સરકારના સામાન્ય અથવા ખાસ હુકમ નીચે પ્રમાણે વર્ગીકરણ કરવામાં આવશે.

(અ) વર્ગ - ૧,

(આ) વર્ગ - ૨,

(ઇ) વર્ગ ૩ અને

(ઈ) વર્ગ - ૪

(૪) સત્તા ધરાવતા અધિકારીએ કરેલા અને ગુજરાત રાજ્યની મુલકી સેવાના અને રાજ્ય સરકાર હેઠળની મુલકી જગાના વર્ગીકરણ અંગે આ નિયમો શરૂ થયાની તરત જ પહેલાં અમલમાં હોય તેવો કોઈપણ હુકમ, આ નિયમ મુજબ રાજ્ય સરકારે કરેલા કોઈ હુકમથી તેમાં ફેરફાર કરવામાં આવે નહિ અથવા રદ કરવામાં આવે નહિ ત્યાં સુધી અથવા આ નિયમોની જોગવાઈઓ સાથે કોઈપણ રીતે અસંગત ન હોય તો તે અમલમાં ચાલુ રહેશે.

(૫) કોઈપણ સેવા અથવા જગા, રાજ્ય સરકારે તે અર્થે કરેલા સામાન્ય અથવા ખાસ હુકમથી, બીજી રીતે ફરમાવ્યું હોય તે સિવાય-

(ક) જો તે રાજ્યપત્રિત દરજ્જાની જગા હોય તો તે, વર્ગ-૨ની ગણાશે.

(ખ) બીજા કોઈપણ પ્રસંગે, તે વર્ગ-૩ની ગણાશે.

૪. **રાજ્ય સેવા, નિમ્ન કક્ષાની સેવા અને ચોથા વર્ગની સેવા :-** (૧) વર્ગ-૧ અથવા વર્ગ-૨ તરીકે વર્ગીકૃત કરેલ સેવા અને જગા, રાજ્ય સેવા તરીકે ઓળખાશે. (૨) વર્ગ-૩ તરીકે વર્ગીકૃત કરેલી સેવા અને જગા, નિમ્ન કક્ષાની સેવા તરીકે ઓળખાશે. (૩) વર્ગ-૪ તરીકે વર્ગીકૃત કરેલી સેવા અને જગા, ઉતરતા દરજ્જાની સેવા તરીકે ઓળખાશે.

## ભાગ-૩

## કોઈપણ સેવામાં અથવા જગા ઉપર ભરતી કરવા સંબંધી સામાન્ય જોગવાઈઓ

૫. **શારીરિક યોગ્યતા :-** મુંબઈ મુલકી સેવા નિયમો, ૧૯૫૯ના નિયમો ૧૦,૧૪ અને ૧૫ની જોગવાઈઓને આધીન રહીને, કોઈપણ વ્યક્તિ રાજ્ય સરકાર તરફથી ઠરાવવામાં આવે તેવી શારીરિક યોગ્યતાની તબીબી તપાસ કરે નહિ તો તેને કોઈપણ સેવા અથવા જગા ઉપર નીમી શકાશે નહિ.

પરંતુ નોકરીમાં હોય તે વ્યક્તિને બઢતી આપીને અથવા તેની બદલી કરીને નિમણૂંક કરવામાં આવે તો સામાન્ય રીતે તબીબી તપાસ જરૂરી નથી.

Download From : www.Aapnu-Gujarat.in

૬. **સારા ચારિત્ર્યનો પુરાવો**:-અગાઉ નોકરીમાં હોય તેવી વ્યક્તિની બઢતી અથવા બદલી કર્યા વગર બીજી રીતે કોઈ સેવા અથવા જગા ઉપર નિમણુંક કરવામાં આવે તો તેવી નિમણુંક-

(ક) જો નિમણુંક કમિશનને પુછયા પછી કરવાની હોય તો કમિશન, અથવા

(ખ) બીજા પ્રસંગોએ, નિમણુંક અધિકારી ઠરાવે તેવા સારા ચારિત્ર્યનો પુરાવો કરવાને આધીન રહેશે.

*૭. **ભારતના નાગરિકત્વ સંબંધી શરતો**:-(૧)આ નિયમોની જોગવાઈઓને આધીન રહીને, કોઈપણ સેવા કે જગા ઉપર કોઈપણ વ્યક્તિની નિમણુંક કરવા નહિ, સિવાય કે તે-

(ક) ભારતનો નાગરિક હોય, અથવા

(ખ) નેપાળનો પ્રજાજન હોય, અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન હોય, અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત હોય, જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી સન ૧૯૬૨ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખ પહેલાં ભારતમાં આવ્યો હોય, અથવા

**(ચ) મૂળ ભારતની વ્યક્તિ હોય, અને ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી પાકિસ્તાન, બ્રહ્મદેશ, શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, ટ્રાન્ઝાનીયાનું સંયુક્ત પ્રજાસત્તાક (અગાઉના ટાન્ગાનિકા અને ઝાંઝીબાર), ઝામ્બીયા, મલાવી, ઝેઈર, ઈથોપિયા અને વિયેટનામમાંથી સ્થળાંતર કરીને આવી હોય:

પરંતુ (ખ), (ગ), (ઘ) અને (ચ) વર્ગ હેઠળ આવતા ઉમેદવાર, જેની તરફેણમાં રાજ્ય સરકારે લાયકાતનું પ્રમાણપત્ર આપ્યું હોય તેવી વ્યક્તિ હોવી જોઈશે.

(૨) જે ઉમેદવાર માટે લાયકાતનું પ્રમાણપત્ર મેળવવાનું આવશ્યક હોય તે ઉમેદવારને, કમિશન અથવા અન્ય ભરતી સત્તાધિકારી તરફથી લેવાતી પરીક્ષા રૂબરૂ મુલાકાતમાં દાખલ કરી શકાશે પણ રાજ્ય સરકારે તેને જરૂરી લાયકાતનું પ્રમાણપત્ર આપ્યું હોય તે પછી જ નિમણુંક દરખાસ્ત કરી શકાશે.

---

*સામાન્ય વહીવટ વિભાગના તા. ૨-૬-૭૭ના જાહેરનામાં ક્રમાંક : ગસ-૭૭-૮૪-સીઆરઆર-૧૧૭૭-૨૨૪-ગ થી બદલીને મુકવામાં આવ્યું.

**સામાન્ય વહીવટ વિભાગના તા. ૩૦-૧૧-૭૮ના જાહેરનામાં ક્રમાંક : જીએસ-૭૮-૧૧૩- સીઆરઆર-૧૧૭૮-૬૦૮-ગ થી બદલીને મૂકવામાં આવ્યું.

Download From : www.Aapnu-Gujarat.in

૮. **ઠરાવેલી લાયકાતો સંબંધી શરતો :-** (૧) આ નિયમોની જોગવાઈઓને આધીન કોઈપણ વ્યક્તિને કોઈપણ સેવા કે જગા ઉપર નીમી શકાશે નહિ સિવાય કે તેવી સેવા અથવા જગા ઉપર ભરતી કરવા અંગેના નિયમોમાં કોઈપણ ઠરાવેલી લાયકાત, જેનો આમાં હવે પછી 'ઠરાવેલી લાયકાતો' તરીકે ઉલ્લેખ કર્યો છે તે હોય તો તે ધરાવતો હોય.

(૨) ઠરાવેલી લાયકાતોમાં વય મર્યાદા અંગેની લાયકાતને સમાવેશ થતો હોય ત્યારે નિમણૂંક અધિકારી, (અનુસૂચિત જાતિ ***અથવા અનુસૂચિત જનજાતિના) (અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ) @ અને Δ (સ્ત્રી ઉમેદવારોની તરફેણમાં), ઉમેદવારો માટે નીચે દર્શાવ્યા પ્રમાણે વય મર્યાદા હળવી કરી શકાશે, એટલે કે-

(ક) નિમ્ન કક્ષાની સેવા અથવા રાજ્ય સેવામાંની કોઈ નોકરી અથવા જગા સંબંધી ઠરાવેલી વય-મર્યાદા ચાલીસ વર્ષ કરતાં વધતી ન હોય તો, વય મર્યાદા પાંચ વર્ષ સુધી હળવી કરી શકાશે.

****(ખ) જે અંગે નિયત વય મર્યાદા ૪૦ વર્ષથી વધુ પરંતુ ૪૨ વર્ષથી વધુ ન હોય તેવી રાજ્ય સેવાની નોકરી અથવા જગ્યાની બાબતમાં વય મર્યાદામાં ૪૫ વર્ષ સુધી છુટછાટ મુકી શકાશે.

(ગ) જે અંગે નિયત વય મર્યાદા ૪૨ વર્ષથી વધુ હોય તેવી રાજ્ય સેવાની નોકરી અથવા જગ્યાની બાબતમાં વય મર્યાદામાં ત્રણ વર્ષ સુધી છુટછાટ મુકી શકાશે.

(૩) જો કોઈપણ કેસમાં નિમણૂંક અધિકારીને સેવા અથવા જગા માટે ઠરાવેલી વય મર્યાદા વટાવી ચુકેલા ઉમેદવારની કોઈપણ જગા ઉપર નિમણૂંક કરવાનું જરૂરી લાગે તો અથવા કોઈપણ જગા માટે ઠરાવેલી લાયકાત ધરાવતો ઉમેદવાર ઉપલબ્ધ ન હોય અને નિમણૂંક અધિકારીને ઠરાવેલી લાયકાતો ધરાવતો ન હોય તેવા ઉમેદવારની એવી જગા ઉપર નિમણૂંક કરવાનું જરૂરી લાગે તો નિમણૂંક અધિકારીએ, રાજ્ય સરકારની અગાઉથી મંજુરી મેળવ્યા વગર, એવી કોઈપણ જગા ઉપર એવા ઉમેદવારની નિમણૂંક કરવી નહિ. એવી મંજુરી માંગવામાં આવી હોય તે પ્રસંગે, નિમણૂંક અધિકારીએ નિમણૂંક કરવા માટેના કારણો પૂરેપૂરા જણાવવા.

---

***સામાન્ય વહીવટ વિભાગના તા. ૯-૯-૭૦ના જાહેરનામાં ક્રમાંક : ગસ-૩૪-સીઆરઆર-૧૧૬૭-ગ થી બદલીને મુકવામાં આવ્યું.

****સામાન્ય વહીવટી વિભાગના તા. ૨૫-૩-૬૯ના જાહેરનામાં ક્રમાંક : ગસ-૫-સીઆરઆર-૧૧૬૭-ગ થી '(ખ) જે અંગે...... મૂકી શકાશે. (ગ) જે અંગે...... મૂકી શકાશે' બદલીને મૂકવામાં આવ્યું.

@ સામાન્ય વહીવટ વિભાગના તા. ૬-૧૨-૮૫ના જાહેરનામાં ક્રમાંક : જીએસ-૮૫૬૩-સીઆરઆર-૧૧૮૫-૫૯૮-ગ-૨થી ઉમેરવામાં આવ્યું.

Δ સામાન્ય વહીવટ વિભાગના તા. ૯-૪-૯૭ના જાહેરનામાં ક્રમાંક : જીએસ-૯૭-૧૪-સીઆરઆર-૧૦૯૬-૨૨૧૩-ગ-૨થી ઉમેરવામાં આવ્યું.

Download From : www.Aapnu-Gujarat.in

(૪) કોઈપણ જગા ભરવાના હેતુ સારૂ એવી જગ્યા ઉપર નિમણૂંક કરવા માટેની અરજીઓ વર્તમાનપત્રમાં જાહેરનામાં અથવા જાહેરાત પ્રસિદ્ધ કરીને અથવા બીજી કોઈ રીતે મંગાવવામાં આવી હોય તો એવા જાહેરનામા અથવા જાહેરાતમાં બીજી રીતે ઠરાવ્યું હોય તે સિવાય એવી જગા માટે અરજી કરનાર ઉમેદવારે તે જગા માટે ઠરાવેલ વય મર્યાદા વટાવી છે કે કેમ તે પ્રશ્ન જે મહિનામાં, યથા પ્રસંગે જાહેરનામા કે જાહેરાત પ્રથમ પ્રસિદ્ધ થયાની તારીખથી નેવું દિવસની મુદત પુરી થાય તે મહિનાની તરત પછીના મહિનાની પહેલી તારીખના સંદર્ભમાં નક્કી કરવી અને તદનુસાર જો ઉમેદવારે ઉપર્યુક્ત મહિનાની પહેલી તારીખ પહેલાં વયમર્યાદા માટે ઠરાવેલ ઉંમરે પહોંચી ગયા હોય તો તેણે વય મર્યાદા વટાવી દીધી છે એમ ગણાશે.

*"(૫) કોઈપણ સેવામાં કે જગા પર ભરતી અંગેના સમય પૂરતા અમલમાં હોય એવા કોઈપણ નિયમોમાં કંઈપણ વિરૂદ્ધ જણાવવામાં આવ્યું હોય તે છતાં, આવા નિયમોમાં નિયત કરેલ ભરતીના હેતુ પૂરતી ઉપલી વય-મર્યાદા, કાયમી સરકારી કર્મચારી તરીકે અથવા પાકી અથવા રજા દરમિયાનની ખાલી જગ્યામાં અથવા બીજી કર્મચારીઓના ડેપ્યુટેશનને પરિણામે ખાલી પડેલ જગામાં સળંગ છ મહીના સુધી કામગીરી બજાવતા હંગામી સરકારી કર્મચારી તરીકે ગુજરાત સરકારની નોકરીમાં હોય અને તે બાદ કોઈ જગાની જાહેરાત અન્વયે અરજીકરે તો જે જગા માટે અરજી કરી હોય તે જગા માટે જે વય-મર્યાદા ઠરાવેલી હોય તે વય-મર્યાદા તેની પહેલી નિમણૂંકના સમયે તેણે વટાવી ન હોય તો તેવા ઉમેદવારોને લાગુ પડશે નહીં.

પરંતુ જ્યાં અનુભવને આવી જગા માટેની એક લાયકાત તરીકે નિયત કરવામાં આવેલ ન હોય તેવી સ્પર્ધાત્મક પરીક્ષા મારફત અથવા સીધી પસંદગી દ્વારા જગા ઉપર સેવામાં ભરતી કરવામાં આવે તેવા કેસોમાં આવા ઉમેદવારને આવી ઉપલી વય-મર્યાદા લાગુ પડશે.

વધુમાં એક લાયકાત તરીકે તબીબી, ઈજનેરી અથવા પશુચિકિત્સા કે ખેતી વિષયક ડીગ્રી કે ડિપ્લોમાં જરૂરી હોય તેવી જગા પર નિમાયેલા કોઈ સરકારી કર્મચારી, ગુજરાત જાહેર સેવા આયોગ મારફત સીધી પસંદગીથી ભરતી માટેની કોઈ જગાની જાહેરાત અન્વયે અરજી કરે તો જે જગા માટે અરજી કરી હોય તે જગા માટે જે વય-મર્યાદા ઠરાવેલી હોય તે વય-મર્યાદા, તેની પહેલી નિમણૂંકના સમયે તેણે વટાવી ન હોય તો આવી જગા માટે અનુભવને એક લાયકાત તરીકે નિયત કરવામાં આવ્યો ન હોય તો પણ ઉપલી વય-મર્યાદા લાગુ પાડવામાંથી છૂટછાટ મેળવવા હકદાર રહેશે".

---

*સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૩-૧૨-૯૮ના જાહેરનામાં ક્રમાંક : જીએસ-૯૮/૬૧-સીઆરઆર-૧૧૯૫-૨૨૯૯/ગ-૨ થી બદલીને મૂકવામાં આવ્યું.

Download From : www.Aapnu-Gujarat.in

(૫-ક) (૧) સરકારી કર્મચારીને, જેની બાબતમાં અનુભવને વર્ગ-૧ અથવા વર્ગ-૨ની જગા માટેની લાયકાતો પૈકીની એક લાયકાત તરીકે નિયત કરવામાં આવ્યો ન હોય એવી, આયોગ દ્વારા સીધી પસંદગીથી ભરવાની, આવી જગા અથવા સેવા પર ભરતી માટેની ઉપલી વય-મર્યાદામાં, વધુમાં વધુ પાંચ વર્ષ અથવા તેણે જેટલા વર્ષ નોકરી કરી હોય તેટલાં વર્ષ-એ બેમાંથી જે ઓછું હોય એટલાં વર્ષની છૂટછાટ એક સમાન ધોરણે આપી શકાશે.

(૨) જે સરકારી કર્મચારીઓ, સમાન ધોરણની અને ચોક્કસ જગા પર તેમણે બજાવેલી સેવા જે ભરતી માટે જાહેરાત કરવામાં આવી હોય તે ભરતી જગા (જગાઓ)ની ફરજો કાર્યક્ષમ રીતે બજાવવામાં ઉપયોગી થશે એવું જ્યાં પ્રસ્થાપિત કરી શકાય તેવી જગા પર કામ કરતા સરકારી કર્મચારીઓને વય-મર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર થશે. આ અંગે આયોગનો નિર્ણય આખરી ગણાશે. પરંતુ સમાન ધોરણની જગા એટલે તરત પછીની નીચલી જગા કે જ્યાંથી કર્મચારીને આ રીતે જાહેરાત કરવામાં આવેલી જગા પર બઢતી આપી શકાય.

(૩) ઉપરના પેટા-નિયમ (૧) અન્વયે ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ ઉપરાંતની ગણાશે.

(૬) રદ કર્યો.

(૭) ભારતના સંવિધાનના અનુચ્છેદ-૩૨૦ના ખંડ (૩)ના પરંતુ ક મુજબ કરેલા વિનિયમો હેઠળ કોઈ નોકરી જે જગા માટે કમિશનને પુછવાનું જરૂરી ન હોય અને ઉંમર અંગે કોઈ ખાસ શૈક્ષણિક લાયકાતો ઠરાવવામાં ન આવી હોય તો, એવી નોકરી કે જગા સાથે સંલગ્ન ફરજો બજાવવા માટે ખાતાના વડા અધિકારીને યોગ્ય લાગે તેવી વ્યક્તિની, એ નોકરી કે જગા ઉપર છ મહિનાની મુદત માટે અથવા એ જગા અથવા નોકરી માટેના ભરતીના નિયમો ઘડાય ત્યાં સુધી, એ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી ભરતી કરવાનું વડા અધિકારીની મુનસુફીમાં રહેશે.

(૮) કોઈપણ સેવા અથવા જગા માટે ઠરાવેલી લાયકાતોમાં અમુખ મુદત સુધીના પ્રત્યક્ષ કામના અનુભવ અંગેની લાયકાતનો સમાવેશ થતો હોય અને એવી સેવા અથવા જગા માટે અરજીઓ મંગાવવામાં આવી હોય ત્યારે @ પ્રત્યક્ષ-કામના અનુભવની મદત-

(ક) ભરતી નિયમોમાં અન્યથા જોગવાઈ કરવામાં આવી ન હોય, તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી,

(ખ) આવી અરજી સ્વીકારવા માટે નક્કી કરેલી છેલ્લી તારીખના સંદર્ભમાં ગણવી જોઈએ.

---

@ સામાન્ય વહીવટ વિભાગના તા. ૪-૧૨-૭૩ના જાહેરનામા ક્રમાંક જીએસ-૭૩-૯૧-સીઆરઆર-૧૧૭૨-૪૨૧૯-ગ થી પ્રત્યક્ષ કામના ............(ક) ભરતી નિયમોમાં ........... તારીખથી. (ખ) આવી અરજી ......... ગણવી જોઈએ, બદલીને મુકવામાં આવ્યું.

Download From : www.Aapnu-Gujarat.in

(૯) @@ સરકારે આવશ્યક લાયકાત તરીકે માન્ય કરેલ કોઈ માન્ય કરેલ કોઈ માન્ય યુનિવર્સિટીની સ્નાતકની પદવી અથવા સમકક્ષ લાયકાત જેમાં હોવી જરૂરી હોય તેવી કોઈ નોકરી અથવા જગા ઉપર ભરતીને લગતા તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ નિયમોમાં ગમે તે મજકુર હોય તે છતાં, આવી નોકરી અથવા જગા ઉપર ભરતી કરવાના હેતુ માટે ઉપલી વય-મર્યાદા ૨૮ વર્ષની રહેશે સિવાય કે આવા નિયમમાં ઠરાવેલી ઉપલી વય-મર્યાદા ૨૮ વર્ષથી વધુ હોય.

૯. **રાજ્ય સેવામાં નોકરી અથવા જગા ઉપરની નિમણૂંક**-(૧) રાજ્ય સેવામાં સમાવિષ્ટ કરેલી કોઈપણ નોકરી અથવા જગા ઉપરની નિમણૂંક રાજ્ય સરકારે અથવા રાજ્ય સરકારે આ અર્થે યોગ્ય રીતે સત્તા આપેલા અધિકારીએ આ નિયમોમાં અથવા આવી નોકરી અથવા જગા ઉપર ભરતી કરવાને લગતા અન્ય નિયમો હોય તો તેમાં ઠરાવેલી શરતોનું પાલન કરતી વ્યક્તિઓમાંથી-

(ક) આ હેતુ માટે લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામ ઉપરથી અથવા

(ખ) સીધી પસંદગી કરીને, અથવા

(ગ) બઢતી આપીને અથવા

(ઘ) બદલી કરીને કરવામાં આવશે.

(૨) એ દરેક નિમણૂંક કમિશનને પૂછીને કરવી. સિવાય કે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૨૦ના ખંડ (૩)ના પરંતુ ક મુજબ કરેલા વિનિયમો હેઠળ કમિશનને એવી રીતે પૂછવાનું જરૂરી ન હોય.

**(૧-ક) (૧) આ નિયમોમાં અથવા રાજ્ય સેવા અથવા તાબાની સેવામાં સમાવિષ્ટ કરેલ કોઈપણ સેવા અથવા જગ્યા ઉપરની ભરતીને લગતા કોઈપણ નિયમો અથવા હુકમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, બઢતીથી નિમણૂંક માટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલી સેવાઓ અને જગ્યાઓ આ નિયમો અથવા ભરતીને લગતા નિયમો અથવા હુકમોમાં જણાવેલ બઢતી દ્વારા નિમણૂંક માટેની માંગણીવાળી સેવા અથવા જગ્યામાં ઓછામાં ઓછો અનુભવ ધરાવતી યોગ્ય વ્યક્તિઓ ન મળવાને અથવા ફીડર સેવા અથવા જગ્યામાં અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ સંપૂર્ણપણે ન મળવાને કારણે ત્રણ ભરતીના પ્રસંગો પછી પણ ભરવામાં ન આવે તો અને ત્યારે, રાજ્ય સરકાર અથવા તે અર્થે યોગ્ય રીતે સત્તા આપેલ સત્તાધિકારીએ, બઢતી દ્વારા નિમણૂંક માટેની સેવા અથવા જગ્યા હોય તો પણ-

(ક) તે હેતુ માટે લીધેલી સ્પર્ધાત્કમ પરીક્ષાના પરિણામ ઉપરથી, અથવા

---

@@ સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૪-૧૧-૭૮ના જાહેરનામા ક્રમાંક જીએસ-૭૮-૧૦૯-સીઆરઆર-૧૧૭૮-યુ.ઓ.-૧૬૧૧-ગ થી ઉમેરવામાં આવ્યું.

**સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૯-૧૨-૮૯ના જાહેરનામાં ક્રમાંક : જીએસ-૮૯/૫૯/સીઆરઆર-૧૧૮૯-૨૬૧૮/ગ-૨ થી ઉમેરવામાં આવ્યું.

Download From : www.Aapnu-Gujarat.in

(ખ) સીધી પસંદગીથી નિમણૂંકો કરવી જોઈશે. પછી ભલે તે સેવા અથવા જગ્યા માટે ઠરાવેલ ભરતી નિયમોમાં સીધી પસંદગીથી નિમણૂંક માટેની જોગવાઈ હોય કે ન હોય.

(૨) કોઈપણ સેવા અથવા જગ્યા ઉપરની ભરતીને લગતા કોઈપણ નિયમો અથવા હુકમોમાં, સીધી પસંદગીથી નિમણૂંક માટેનું અમુક પ્રમાણ જણાવેલ હોય ત્યારે, બઢતીથી નિમણૂંક કરવા માટેની સેવા અથવા જગ્યાને બદલે ઉપર ખંડ (૧) હેઠળ કરેલ નિમણૂંક, આવા નિયમો અથવા હુકમોમાં સીધી ભરતીથી નિમણૂંક માટે જણાવેલા પ્રમાણ ઉપરાંત ગણાશે, અને આવી નિમણૂંક મેળવનારની પ્રવરતા બીજી સીધી ભરતી કરેલ વ્યક્તિઓની પ્રવરતા નક્કી કરવામાં આવે તેજ ધોરણે નક્કી કરવામાં આવશે.

(૩) કોઈપણ સેવા અથવા જગ્યા ઉપરની ભરતીને લગતા કોઈપણ નિયમો અથવા હુકમોમાં, સીધી પસંદગીથી નિમણૂંકો માટેની જોગવાઈ કરવામાં આવી ન હોય ત્યારે, ઉપરના ખંડ (૧) હેઠળની નિમણૂંકો, જો તે સેવા અથવા જગ્યા કમિશનના ક્ષેત્રાધિકાર હેઠળ હોય તો કમિશન સાથે પરામર્શ કરીને અને તે સેવા અથવા જગ્યા, કમિશનના ક્ષેત્રાધિકાર હેઠળ ન હોય તો, જ્યારે પણ જરૂર જણાય ત્યારે, વહીવટી હુકમો બહાર પાડીને પણ રાજ્ય સરકારની મંજૂરીથી, ઉંમર, શૈક્ષણિક લાયકાતો અને અનુભવ સંબંધિત લાયકાતો ઠરાવ્યા પછી જ કરવી જોઈશે:-

પરંતુ વય-મર્યાદા અને શૈક્ષણિક લાયકાતો સંબંધી લાયકાતો, રાજ્યમાંની સમાન સેવા અથવા જગ્યા માટે અથવા તાબાની સેવા માટે ઠરાવી હોય તેના કરતાં ઓછી હોવી જોઈએ નહીં.

(૪) કોઈપણ સેવા અથવા જગ્યા ઉપરની ભરતીને લગતા કોઈપણ નિયમો અથવા હુકમોમાં, સીધી પસંદગીથી નિમણૂંક માટેની જોગવાઈ, કરવામાં આવી ન હોય ત્યારે, ઉપર ખંડ (૧) હેઠળ નીમેલી વ્યક્તિઓની પ્રવરતા નિમણૂંક ઉપર સળંગ જોડાયાની તારીખના આધારે નક્કી કરવામાં આવશે.

(૫) જેના માટે ઉપર ખંડ (૧) હેઠળ નિમણૂંકો કરવામાં આવી હોય તેના માટે બઢતીથી નિમણૂંકોમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખેલ સેવાઓ અને જગ્યાઓની તત્સમાન સંખ્યા, ઉપરના વર્ગો માટેની બઢતીમાં બેકલોગથી વાપરી હોય અને ઘટાડો કર્યો હોય તેમ ગણાશે.

**૧૦. નિમ્ન કક્ષાની સેવામાં નોકરી અથવા જગ્યા ઉપર નિમણૂંક :-**

(૧) આ નિયમોની અને સેવા અને જગા પરની ભરતી કરવા અંગેના અન્ય નિયમો હોય તો તેની જોગવાઈઓને અને રાજ્ય સરકારના સામાન્ય નિયંત્રણને આધીન રહીને.



Download From : www.Aapnu-Gujarat.in

નિમ્ન કક્ષાની સેવાની અને ઉતરતા દરજ્જાની સેવામાં સમાવિષ્ટ કરેલી કોઈપણ નોકરી અથવા જગ્યા ઉપરની નિમણૂંક લાગતા વળગતા વિભાગના વડાએ અથવા લાગતા વળગતા કચેરીના વડાને રાજ્ય સરકારે એવી નિમણૂંક કરવા માટે સામાન્ય અથવા ખાસ હુકમથી સત્તા આપી હોય ત્યાં એવી કચેરીના વડાએ કરવી.

(૨) એવી દરેક નિમણૂંક કમિશનને પૂછીને કરવી, સિવાય કે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૨૦ના ખંડ (૩)ના પરંતુ ક હેઠળ વિનિમય મુજબ એવી રીતે કમિશનને પૂછવાનું જરૂરી ન હોય.

(૩) કમિશનને પૂછવાનું જરૂરી ન હોય તેવી નિમણૂંકની બાબતમાં રાજ્ય સરકાર તેવી રીતે ફરમાવે તો એ નિમણૂંક રાજ્ય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી નિર્દિષ્ટ કરે તેવી સલાહકાર સમિતિની સહાયતાથી કરવી.

***(**૧૦-ક) પ્રોબેશનની મુદત** :- આ નિયમો અથવા રાજ્ય સેવા કે તાબાની સેવામાં સમાવિષ્ટ કરેલ કોઈ સેવા અથવા જગા ઉપરની ભરતી સંબંધી કોઈ નિયમો અથવા હુકમોમાં ગમે તે મજકુર હોય તે છતાં, સીધી પસંદગીથી વર્ગ-૧ અથવા વર્ગ-૨ની સેવા અથવા જગા ઉપર નિમાયેલા ઉમેદવારને બે વર્ષની મુદત સુધી અને વર્ગ-૩ની સેવા અથવા જગા ઉપરની તેની નિમણૂંકના કેસમાં એક વર્ષની મુદત સુધી પ્રોબેશન ઉપર રાખવામાં આવશે.

પરંતુ નિમણૂંક કરનાર સત્તાધિકારી, કોઈપણ કેસમાં પોતાને લાગે તો, વર્ગ-૧ અને વર્ગ-૨ની સેવા અથવા જગાના કેસમાં બે વર્ષથી અને વર્ગ-૩ની સેવા અથવા જગાના કેસમાં એક વર્ષથી વધારે ન હોય તેટલી વધુ મુદત માટે પ્રોબેશનની મુદત વધારી શકાશે.

વધુમાં પ્રોબેશનની મુદત દરમિયાન ખાતાકીય પરીક્ષા પાસ કરવા માટેના કોઈપણ કિસ્સામાં, આવી પ્રોબેશનની મુદત પૂરી કરવાનું પૂર્વશરત તરીકે નિયત કરવામાં આવે તો અને પ્રોબેશનર, તેના કાબુ બહારના કારણોસર તે નિયમો હેઠળ તેને મળવાપાત્ર ઠરાવેલી તકોની અંદર પરીક્ષા પાસ ન કરી શક્યો હોય ત્યારે પ્રોબેશનની મુદતને ઉપર્યુક્ત અધિકતમ મર્યાદા લાગુ પડશે નહીં.

**૧૧. બઢતીની નિમણૂંક** :- (૧) કોઈ જગા ઉપર નિમણૂંક બઢતી આપીને કરવાની હોય ત્યારે કોઈ નોકર સિનિયોરીટીને કારણે એવી બઢતી માટે હક્કદાર થશે નહિં. સિનિયોરીટી ઉપરાંત આવી રીતે નીમાનાર સરકારી નોકર, એવી બઢતી માટે લાયક જણાયા વગર તેની નિમણૂંક કરવી નહિં.

(૨) બઢતીથી કોઈપણ જગા ઉપર નિમણૂંક કરવી વેળા, નિમણૂંક અધિકારી જે નોકર તે જગા ઉપરની ફરજો અને જવાબદારીઓ અદા કરવા માટે દેખીતી રીતે યોગ્ય ન હોય અને જેની નિમણૂંકથી તે જગાના કામની કાર્યક્ષમતાને પ્રતિકૂળ રીતે અસર થવાનો સંભવ હોય તે નોકરીને સુપરસીડ કરી શકાશે.

***સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૫-૨-૯૪ના જાહેરનામાંક્માંક જીએસ-૯૪/૬/સીઆરઆર-૧૧૯૨-યુઓ-૨૭૬-ગ-૨ થી ઉમેરવામાં આવ્યું.

Download From : www.Aapnu-Gujarat.in

***૧૧-ક. નોકરીમાં અથવા હોદ્દા ઉપર બઢતી માટે જરૂરી ઓછામાં ઓછો અનુભવ હોવા બાબત :-** (૧) જે કોઈ સેવા અથવા જગાનો રાજ્ય સેવામાં અથવા તાબાની સેવામાં સમાવેશ થયો હોય તે સેવામાંની ભરતીને અથવા તે જગા ઉપરની બઢતીને લગતા કોઈ નિયમમાં અથવા હુકમમાં, નીચલી સેવામાં અથવા જગા ઉપર નિર્દિષ્ટ મુદત સુધી અનુભવ હોવા અંગેની બાબતને, ઉચ્ચ સેવામાં અથવા જગા ઉપર બઢતી માટેની પૂર્વવર્તી શરત તરીકે ઠરાવી ન હોય, ત્યારે પેટા-નિયમ (૨)ની જોગવાઈઓ લાગુ પડશે.

(૨) (ક) જે જગા ઉપરથી કોઈપણ વ્યક્તિને બઢતી આપવાની હોય તે જગામાં તેને પાંચ વર્ષનો અનુભવ હોય તે સિવાય, તેને વર્ગ-૩ સેવામાંથી નીચલી જગા ઉપરથી તેજ સેવામાં ઉપલી જગા ઉપર બઢતી આપી શકાશે નહિં.

(ખ) વર્ગ-૩ની જે સેવામાંથી કોઈપણ વ્યક્તિને બઢતી આપવાની હોય તે સેવામાં તેને સાત વર્ષનો અનુભવ હોય તે સિવાય, તેને વર્ગ-૩ સેવામાંથી વર્ગ-૨ સેવામાં બઢતી આપી શકાશે નહિં.

(ગ) જે જગા ઉપરથી કોઈપણ વ્યક્તિને બઢતી આપવાની હોય તે જગામાં તેને પાંચ વર્ષનો અનુભવ હોય તે સિવાય, તેને વર્ગ-૨ સેવામાંની નીચલી જગા ઉપરથી તેજ સેવામાંની ઉપલી જગા ઉપર બઢતી આપી શકાશે નહિં.

(ઘ) વર્ગ-૨ની જે સેવામાંથી કોઈપણ વ્યક્તિને બઢતી આપવાની હોય તે સેવામાં તેને આઠ વર્ષનો અનુભવ હોય તેને, વર્ગ-૨ સેવામાંથી વર્ગ-૧ સેવામાં બઢતી આપી શકાશે નહિ, અને

**(ચ) કોઈપણ વ્યક્તિને, જે જગા ઉપરથી તેને બઢતી આપવાની હોય તે જગામાં પાંચ વર્ષનો તેનો અનુભવ હોય તે સિવાય. એક જ સેવામાં વર્ગ-૧ની સેવામાં નીચલી જગા ઉપરથી ઉપલી જગા ઉપર બઢતી આપી શકાશે નહિં.

પરંતુ નિમણૂંક કરનાર સત્તાધિકારીને એવી ખાતરી થાય કે ખંડો (ક), (ખ), (ગ), (ઘ) અથવા યથાપ્રસંગ, (ચ) માં નિર્દિષ્ટ કરેલ અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને, તે જગા અથવા સેવા ભરવાનું જાહેર હિતમાં છે, તો તે કારણોની લેખિત નોંધ કરીને, તેને લાગુ પડતા હોય

---

*સામાન્ય વહીવટ વિભાગના તા. ૬-૧૨-૮૫ના જાહેરનામા ક્રમાંક જીએસ-૮૫-૬૪-સીઆરઆર-૧૧૮૫-૪૨૩૦-ગ-૨ થી ઉમેરવામાં આવ્યું.

**સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૦-૮-૯૩ના જાહેરનામાં ક્રમાંક જીએસ-૯૩-૧૬-સીઆરઆર-૧૦૮૮-૩૭૯૧-ગ-૨ થી ઉમેરવામાં આવ્યું.

Download From : www.Aapnu-Gujarat.in

તેવા ખંડ (ક), (ખ), (ગ), (ઘ) અથવા (ચ) માં નિદિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી ન હોય તેટલી મુદતનો જેને અનુભવ હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકાશે.

**૩. (ક) ખાતાના વડાની જગા અથવા તેની સમકક્ષ અથવા ખાતાના વડા કરતા ઉચ્ચ જગાને લગતા અમલમાં હોય તેવા કોઈપણ નિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, ઉપર્યુકત જગાઓ પર બઢતીથી નિમણૂંક, ઝોન ઓફ કન્સીડેશનની અંદર, અધિકારીઓની સિનિયોરીટીને લક્ષમાં લીધા વિના 'ઉત્તમ' 'ઘણુ સારૂ' 'સારૂ' અને 'અયોગ્ય' જેવા વર્ગીકરણ પ્રમાણે 'પસંદગી'ના સિંદ્ધાંતો પર કરવી. ઉપર્યુકત જગાઓ પર બઢતી માટેની પસંદગી યાદી, 'ઉત્તમ' અધિકારીઓના નામો તેમની અંદરો-અંદરની સિનિયોરીટીના ક્રમ પ્રમાણે સૌથી ઉપર ત્યારબાદ 'ઘણુ સારૂ' તરીકે વર્ગીકૃત કરેલા અધિકારીઓ તેમના અંદરો-અંદરની સિનિયોરીટીના પ્રવરતા ક્રમ અનુસાર અને તે પછી 'સારૂ' તરીકે વર્ગીકૃત કરેલા અધિકારીઓ તેમના અંદરો-અંદરની સિનિયોરીટીના પ્રવરતા ક્રમ પ્રમાણે તૈયાર કરવી, આવા અધિકારીઓની બઢતીની, આવી રીતે તૈયાર કરેલી પસંદગી યાદીના ક્રમ પ્રમાણે વિચારણા કરવી.

(ખ) ખંડ (ક) ના હેતું માટે ઝોન ઓફ કન્સીડરેશન રાજ્ય સરકાર વખતો-વખત નકકી કરે તેવું રહેશે.

(ગ) રાજય સરકાર ખંડ (ક) માં જણાવેલી જગા પર વ્યક્તિઓની નિમણૂંક માટે ઉચ્ચ સ્તરીયી સમિતિ રચશે.

**૧૧. ખ. સરકારી કર્મચારી દ્વારા બઢતી સ્વાકારવાની ના પાડવા બાબત.**

(૧) સરકારી કર્મચારી બઢતી સ્વીકારવાની ના પાડે ત્યારે, તેણે નિમણૂંક સત્તાધિકારીને, બઢતીની ના પાડવાના કારણો દર્શાવતી તે મતલબની એક અરજી કરવી જોઈશે. ત્યારપછી નિમણૂંક સત્તાધિકારી, તેના પછીની યોગ્ય વ્યક્તિને બઢતી આપી શકશે અને એવો સરકારી કર્મચારી, તેના ના પાડ્યા પછી, બઢતી આપવામાં આવી હોય તેવા તેના જુનિયરની સામે તેની સીનીયોરીટી ગુમાવશે.

(૨) સરકારી કર્મચારી બઢતી સ્વીકારવાની ના પાડે ત્યારે, બઢતીની ના પાડયાની તારીખથી એક વર્ષની મુદત સુધી અથવા પછીની જગા ખાલી પડે એ બંનેમાંથી જે મોડું હોય ત્યાં સુધી, બઢતી માટે તેનો કેસ વિચારણામાં લઈ શકાશે નહિં :

પરંતુ ટૂંકાગાળાની ખાલી જગા સામે એડહોક (તદર્થે) બઢતી માટે સરકારી કર્મચારીએ ના પાડી હોય ત્યારે, પેટા નિયમો-(૧) અને (૨)ની જોગવાઈઓ લાગુ પડશે નહિં.

---

**સામાન્ય વહીવટ વિભાગના તા. ૩-૧૨-૯૪ના જાહેરનામા ક્રમાંક જીએસ-૯૪-૬૭-સીઆરઆર-૧૧૮૮-૩૧૮૬-ગ-૨ થી ઉમેરવામાં આવ્યું.

***સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૫-૯-૯૭ના જાહેરનામાં ક્રમાંક જીએસ-૯૭-૩૪-એસએનઆર-૧૦૮૭-યુ.ઓ.-૨૫૮૨૫-ગ-૨ થી ઉમેરવામાં આવ્યું.

Download From : www.Aapnu-Gujarat.in

**સ્પષ્ટીકરણ :-** મળવાપાત્ર જોડવાના સમયની અંદર, સોંપાયેલ નવી જવાબદારીમાં ન જોડવાનું કાર્ય, આ નિયમના હેતુ માટે બઢતીનો ઈન્કાર ગણાશે, સિવાય કે એવા સરકારી કર્મચારીએ, સમયસર લેખિત વિનંતી કરી હોય અને નિમણૂંક સત્તાધિકારીએ તે વિચારણામાં લીધી હોય.

## ભાગ-૪

## પ્રકીર્ણ

**૧૨. નિયોકતાની પૂર્વ સંમતિ.**-(૧) કોઈપણ ઉમેદવાર, રાજ્ય સરકારીની અથવા અન્ય કોઈપણ રાજ્ય સરકારની અથવા કેન્દ્ર સરકારની અથવા સ્થાનિક સંસ્થાની અથવા આવી કોઈપણ સરકારની માલિકીના અથવા તેના નિયંત્રણ હેઠળના કોર્પોરેશનની, નોકરીમાં હોય તે ઉમેદવારે રાજ્ય સેવા અથવા નિમ્ન કક્ષાની સેવામાંની કોઈ જગા ઉપરની નિમણૂંક થવા માટેની કરેલી કોઈપણ અરજી, જે તે સરકાર અથવા સ્થાનિક સંસ્થા અથવા યથાપ્રસંગ સંબંધ ધરાવતા કોર્પોરેશનની સંમતિ વગર કરવામાં આવી હોય તો તે અરજી નામંજુર કરવામાં આવશે.

**સ્પષ્ટીકરણ :-** અન્ય કોઈપણ રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર હેઠળ નોકરી કરતા અરજદારની બાબતમાં, નિમણૂંક અધિકારીને અરજી મોકલનાર અધિકારીના શેરા ઉપરથી કે બીજી રીતે એવી ખાતરી થાય કે લાગતી વળગતી સરકારે કરેલા નિયમો અનુસાર અરજી કરવામાં આવી છે તો તેમાં તેવી સરકારની સંમતિ છે એવું અનુમાન કરવામાં આવશે.

(૨) રાજ્ય સેવા અથવા નિમ્ન કક્ષાની સેવામાં નોકરીએ રહેલા કોઈ સરકારી નોકર. ગુજરાત સરકારની બીજી કચેરી અથવા વિભાગમાં અથવા બીજી કોઈપણ રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર હેઠળની કોઈ જગા માટે અથવા કોઈ જગાની પરીક્ષામાં બેસવા માટે અરજી કરવા માગતો હોય તો તેણે પોતાની અરજી તેના નિમણૂંક અધિકારી મારફત સાદર કરવી અને તે અધિકારી, સરકારી નોકરને અરજી કરવાની પરવાનગી આપવી કે નહિ તેને નિર્ણય કરશે.

(૩) કેન્દ્ર સરકાર અથવા અન્ય કોઈપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવી વ્યક્તિને, જે સરકાર હેઠળ તે નોકરી કરતો હોય તેની પરવાનગી વગર ગુજરાત સરકારની સેવામાં યોગ્ય ગણવા માટે પરીક્ષાના ઉમેદવાર તરીકે સ્વીકારવામાં આવશે નહિં.

**૧૩. દ્વિપત્નિત્વ-દ્વિપતિત્વ માટેની ગેરલાયકાત** (૧) જે કોઈપણ વ્યક્તિ -

(ક) જો તે પુરૂષ હોય તો એક કરતાં વધારે પત્ની હયાત હોય, અને

(ખ) જો સ્ત્રી હોય તો તેણીએ જેની બીજી પત્ની હયાત હોય તેવા પુરૂષ સાથે લગ્ન કર્યુ હોય તે વ્યક્તિ રાજ્ય સરકાર હેઠળની કોઈપણ સેવામાં નિમણૂંક માટે લાયક ગણાશે નહિં.

Download From : www.Aapnu-Gujarat.in

પરંતુ જે તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદાની જોગવાઈઓએ આધીને રહીને રાજ્ય સરકાર, જો તેની એવી ખાતરી થાય કે કેમ કરવા માટે ખાસ કારણો છે તો કોઈપણ વ્યક્તિને આ નિયમનાં અમલમાંથી માફી આપી શકશે.

(૨) રાજ્ય સરકાર હેઠળની નોકરી અથવા જગા ઉપર નિમાવા માંગતા દરેક અરજદારે, યથાપ્રસંગ, તે અથવા તેણી પરિણીત છે કે કેમ તે અને જો અરજદાર પુરૂષ હોય તો તેને એક કરતાં વધારે પત્ની હયાત છે કે કેમ તે અને જો અરજદાર સ્ત્રી હોય તો તેણીએ જે પુરુષ સાથે લગ્ન કર્યા હોય તેને બીજી પત્ની હયાત છે કે કેમ જાહેર કરવું જોઈએ.

**૧૪. કોઈપણ જાતની સહાય મેળવે તો ઉમેદવાર ગેરલાયક ઠરશે :-**

સરકારી સેવામાં નિમણૂંક થવાની અથવા ઉપલી જગામાં બઢતી મેળવવાની તેની અરજી માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાય મેળવવા માટે ઉમેદવાર અથવા ઉમેદવારના કોઈ સગા તરફથી કોઈપણ જાતનો પ્રયત્ન કરવામાં આવ્યેથી ઉમેદવાર નિમણૂંક અથવા બઢતી માટે ગેરલાયક ઠરશે.

**૧૫. નિમણૂંક પછીની પરીક્ષા પસાર કરવા બાબત :-**

કોઈ સેવા અથવા જગા ઉપર નિમણૂંક થઈ હોય તેવી વ્યક્તિને હિન્દી અને ગુજરાતીની પરીક્ષા અને તે અર્થે કરેલા નિયમોથી ઠરાવવામાં આવે તેવી બીજી ખાતાકીય પરીક્ષા પસાર કરવી પડશે.

**૧૬. નિયમો હળવા કરીને નિમણૂંક કરવા બાબત :-**

આ નિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકાર, જાહેર સેવાના હિતમાં :-

(અ) સંરક્ષણ સેવાના અથવા અખીલ ભારતીય સેવાના કોઈ અધિકારીની નિમણૂંક કરીને જગા ભરી શકશે.

(આ) આ નિયમો મુજબ ઠરાવેલી પદ્ધતિ સિવાય બીજી રીતે કોઈ સેવા અથવા જગા ઉપર નિમણૂંક કરી શકશે.

(ઈ) આ નિયમોની જોગવાઈઓ પૈકી કોઈપણ જોગવાઈ હળવી કરી શકશે :

પરંતુ, કમિશનને પૂછીને કોઈ સેવા અથવા જગા ઉપર નિમણૂંક કરવાની હોય ત્યારે, ઉપરના ખંડો (આ) અથવા (ઈ) હેઠળ કોઈપણ નિમણૂંક અથવા નિયમો હળવા કરવાનું કમિશનને પૂછયા વગર થઈ શકશે નહિં.

*૧૬-ક. કોઈ જગા પર હંગામી ધોરણે નિમાયેલ સરકારી કર્મચારીને એ જગા પર નિમણૂંક માટે કમિશન પસંદ કરે ત્યાં કમિશન, એ જગા વિનિયમિત કરતા ભરતી-નિયમોમાં અજમાયશીની

---

*સામાન્ય વહીવટ વિભાગના તા. ૧-૮-૭૫ના જાહેરનામા ક્રમાંક જીએસ-૭૫-૩૧-સીઆરઆર-૧૦૭૨-૬૩૮૬-ગ-૨ થી ઉમેરવામાં આવ્યું.

Download From : www.Aapnu-Gujarat.in

મુદત અંગે ગમે તે મજકૂર હોય તેમ છતાં, એ જગા પર એવા સરકારી કર્મચારીની નિમણૂંકની ભલામણ કરતી વેળા સરકારી કર્મચારી અંગે અજમાયશની મુદતમાં, એવા સરકારી કર્મચારીએ કમિશન દ્વારા એની પસંદગી અગાઉ એ જગામાં જે મુદત માટે નોકરી કરી હોય એથી વધુ નહિ એટલી મુદત સુધીનો ઘટાડો કરવાની પણ ભલામણ કરી શકશે.

****૧૬-ખ. અપવાદ :-** આ નિયમોમાંના અથવા જે કોઈ સેવા અથવા જગાનો રાજ્ય સેવામાં અથવા તાબાની સેવામાં સમાવેશ થયો હોય તે સેવામાંની ભરતીને અથવા તે જગા ઉપરની બઢતીને લગતા કોઈ નિયમો અથવા હુકમોમાંના કોઈપણ મજકૂરથી, રાજ્યમાંની અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોની વ્યક્તિઓના સંબંધમાં :-

(ક) સંવિધાનની કલમ-૧૬ના ખંડ(૪) અનુસાર તે સેવામાં અથવા તે જગ્યાઓના સંબંધમાં કરવાની અનામત વ્યવસ્થા.

(ખ) વય મર્યાદામાં છૂટછાટ, અને

(ગ) અન્ય રાહતો.

સંબંધી રાજ્ય સરકારે કરેલાં કોઈપણ હુકમોને અસર થશે નહિં.

***૧૬-ગ. આ નિયમોમાં અથવા રાજયમાં રાજ્ય હેઠળની તાબાની સેવા અથવા નિમ્ન સેવાઓ સહિત કોઈપણ સેવા અથવા જગા ભરતી સંબંધિત કોઈપણ નિયમો અથવા હુકમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, સન ૧૯૯૨ના વર્ષમાં ભરતી કરવા માટે, સદરહુ વર્ષ દરમિયાન, ગુજરાત જાહેર સેવા આયોગ અને અન્ય તમામ ભરતી સત્તામંડળો/એજન્સીઓએ આપેલી જાહેરખબરોને લાગે વળગે છે તેટલે સુધી આવી સેવા અથવા જગા પર સીધી પસંદગીથી નિમણૂંક માટે ઠરાવવામાં આવેલી ઉપલી વય-મર્યાદામાં પાચં વર્ષની છૂટછાટ આપવામાં આવશે. ઉપલી વય-મર્યાદામાંની આ છૂટછાટ, સન ૧૯૯૨ના વર્ષમાં રોજગાર વિનિમય કચેરીઓ, વગેરે મારફત કરવામાં આવેલી તમામ ભરતીઓની બાબતમાં પણ લાગુ પડશે.

**૧૭. રદ કરવા બાબત :-** મુંબઈ મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો, ૧૯૩૯ અને આ નિયમો અમલમાં આવ્યાથી તરત જ પહેલાં અમલમાં હોય તેવા તેને મળતા આવતા બીજા કોઈપણ નિયમો, આથી રદ કરવામાં આવે છે.

---

**સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૭-૨-૮૬ના જાહેરનામાં ક્રમાંક ક્રમાંક જીએસ-૮૬-૧૨-સીઆરઆર-૧૧૮૬-૧૦૭૯-ગ-૨ થી ઉમેરવામાં આવ્યું.

***સામાન્ય વહીવટ વિભાગના તા. ૩-૧૧-૯૨ના જાહેરનામાં ક્રમાંક ક્રમાંક જીએસ-૯૨-૪૧-સીઆરઆર-૧૧૯૦-૧૩૬૪-ગ-૨ થી ઉમેરવામાં આવ્યું.

Download From : www.Aapnu-Gujarat.in

પરંતુ, એવી રીતે રદ થયેલા નિયમોથી, એવા નિયમો પૈકી કોઈપણ નિયમ મુજબ કરેલા કોઈપણ કૃત્યોને અથવા લીધેલાં કોઈપણ પગલાંને અસર થશે નહિં.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વિ. એલ. ગિદ્વાણી,
સરકારના મુખ્ય સચિવ.

---

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Download From : www.Aapnu-Gujarat.in